# ગુરુ ! તારો પાર ન પા...યો, પ્રથમીના માલિક !




ગુરુને આપણા સંતો, ઋષિઓ અને મહાન વિભૂતીએ ઉચ્ચ સ્થાને બેસાડ્યા છે. તેમનો પાર પામી શકાતો નથી, તે અકળ છે. તે અખૂટ વિસ્મયનો વિષય છે. લોકભજનની પરંપરામાં પણ ગુરુનું મહત્વ ઘણું છે. એટલે જ ગવાયું છે કે: ‘ ગુરુ ! તારો પાર ન પા...યો, પ્રથમીના માલિક ! તારો પાર ન પાયો.’ અને ભાણ સાહેબે ગુરુનો મહિમા ગાતાં કીધું છે કે:

‘સતગુરુ મળિયા સેજમાં, જેણે સતનો શબદ સુનાયો,
ચોરાસીનો રાહ ચુકાવી, અખંડ ધામ ઓળખાયો. ’

ચારણ મહાત્મા ઈશરદાસ પર ગુરુ પીતામ્બરની અસિમ કૃપા હતી અને તેમણે હરિરસ રચ્યો. તેની શરુઆતમાં ગુરુદેવની સ્તુતિ કરતાં લખ્યું છે કે:

‘ લાગા હૂં પહેલા લળું, પીતામ્બર ગુરુપાય;
ભેદ મહારસ ભાગવત, પાયો જેણ પસાય.’

(અર્થાત જેની કૃપારૂપી પ્રસાદથી શ્રીમદભાગવતનો ભેદ હું પામી શક્યો તેવા પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી પિતામ્બરદાસજીને સૌથી પહેલા વંદન કરું છું.).

કબીરે ગુરુનો અર્થ સમજાવતી સાખી કિધી છે:

‘ગુ અંધિયારી જાનિયે , રુ કહિયે પરકાસ;
મિટે જ્ઞાન તમ જ્ઞાન તે, ગુરુ નામ હૈ તાસ. ’



**પ્રસંગસર**
સતીષ શામળદાન ચારણ
sscharan_aaa@yahoo.co.in

(‘ગુ’ શબ્દનો અર્થ અંધકાર-અવિધ્યા છે અને ‘રુ’ શબ્દનો અર્થ પ્રકાશ છે. જે જ્ઞાનનો પ્રકાશ આપે અને ભ્રમ અને અંધકારને મિટાવે તે સાચા ગુરુ છે. )

ગાંધીજી તેમના આધ્યાત્મિક ગુરુ શ્રીમદ રાજચંદ્ર વિશે કહેતા હતા કે : ‘આ એવા માણસ હતા કે જેમણે ધાર્મિક બાબતોમાં મારા હૃદયને પ્રભાવિત કર્યું છે...’ તેઓ શ્રીમદ રાજચંદ્ર પાસેથી જુદા જુદા ધર્મના લોકોને નફરત કર્યા વિના આદર કરતા શીખ્યા હતા. કબિરજીની સાખીઓમાં ગુરુને વિશેષ મહત્વ આપવામાં આવેલ છે :

‘ગુરુ બિન કૌન બતાવે બાટ ? બડા વિકટ યમઘાટ,
ભ્રાંતિકી પહાડી, નદિયાં બિચ મેં અહંકારકી લાટ,’

મનુષ્ય જ હંમેશા મનુષ્યનો ગુરુ બનતો નથી. તે ભગવાનને પણ પોતાના ગુરુ બનાવે છે અને તેમણે ચીંધેલ રાહ ઉપર ચાલે છે. દેવાયત પંડિત જેવા સંતે ‘ધણી’ (પ્રભુ)ને ગુરુપદે સ્થાપેલ. અને તેથી જ ગવાયું છે કે : ‘શિવજીનો ચેલો દેવાયત બોલિયા રે જી’.

રવિ સાહેબે તો ‘હરિ વિના કોઈ સદગુરુ નથી’ તેમ કહ્યું છે.

સ્વામી વિવેકાનંદને બાળપણથી જ પરમાત્મા પ્રત્યે લગાવ અને તેને પામવાની ઈચ્છા હતી. જે ત્યારે જ પૂર્ણ થઈ જ્યારે તેમને પરમહંસના જેવા ગુરુના આશિર્વાદ મળ્યા. છત્રપતિ શિવાજી ઉપર ગુરુ રામદાસનો પ્રભાવ હંમેશા રહ્યો. ગુરુકૃપાથી તેઓ રાષ્ટ્રની ધારાને બદલી શક્યા.

ગુજરાતમાં ‘ગોદડીયા બાપુ’ ના નામથી પ્રખ્યાત એવા ચારણ સંતશ્રી પ્રેમદાસ ગોદડીયા સમર્થ રામબાપાને પોતાના ગુરુ બનાવવા માટે એક શિષ્યમાં હોય તેવી લાયકાત કેળવવા ગુરુને આત્મસમર્પિત શિષ્યહૃદયે તેર વર્ષ સુધી એકલવ્યની જેમ ગુરુસમર્થ રામબાપાને પોતાના ગુરુ માની સેવા પરાયણ કરી. આ વાતની સમર્થ રામબાપાને ખબર પડતાં પોતે સામેથી આવી સંતશ્રી પ્રેમદાસને ગોદડી મૈયા અર્પણ કરી અને તે આવડદાનમાંથી સમર્થ પ્રેમદાસ ગોદડીયા બન્યા. આ જ સમર્થ પ્રેમદાસ ગોદડિયાના માધ્યમથી પૂર્વાશ્રમના શક્તિદાનને સરધારના ગુરુ હરિહરાનંદજી મળ્યા અને ગુરુ કૃપાથી તેમનો દુનિયાને જોવાનો નજરિયો જ બદલાઈ ગયો અને તેઓ પ્રખ્યાત ભજનિક નારાયણ સ્વામી તરીકે ઓળખાયા. આમ, ગુરુ અને શિષ્ય વચ્ચેનો સંબંધ એ બંને આત્માઓનો નિગૂઢ મર્મસંબંધ, આત્મસમર્પણ છે. અને તો જ દિવાથી દિવો પ્રગટે, આધ્યાત્મિક આનંદની અનુભૂતિ થાય છે. એટલે ધના ભગતે ગુરુનો મહિમા ભજનમાં ગાયો કે :

‘હરિ ગુરુ સંતની હે જેને કિરપાયું થાય; દાસ ધનો કે : હીરે હીરો વીંધાય રે...’

માનવમાં રહેલ બુરાઈઓને સ્પી વિષ દુર કરવામાં ગુરુનું વિષેશ યોગદાન છે. અને તે માટે એક સાખી ગવાય છે.:

સતગુરુ મેરે ગારુડી, કીધી મુજ પર મે’ર;
મોરો દીનો મરમરો, ઉતર ગયા સબ ઝેર.

સંત કબીરે તો ગુરુનો મહિમા તો સુરજને દીપક બતાવવા સમાન ગણાવ્યો છે. તેઓ એક દોહામાં લખે છે કે:

‘યહ તન વિષ કી બેલરી, ગુરુ અમૃત કી ખાન;
શીશ દિયો જો ગુરુમિલે, તો ભી સસ્તા જાન. ’

શીખ ધર્મમાં એક જ ઈશ્વર અને દસ ગુરુઓની વાણીને જ જીવનનું વાસ્તવિક સત્ય માનવામાં આવે છે.

જેને ગુરુ ન હોય તેને નુગરા કહેવામાં આવે છે. ગગન મંડલ કે બીચ મેં, તહવાં ઝલકે નૂર; નિગુરા મહલ ન પાવઈ, પહુંચેગાગુરુ પૂર.

**(સર્વેના હૃદયરુપીગગન મંડલમાં અવિનાશી પરમદેવનો પ્રકાશ ઝળકી રહ્યો છે. પણ તેના દર્શન નુગરા પામી શકતા નથી.)**

**(મો.૯૪૨૮૨ ૧૯૦૩૧)**

# કડી સર્વ વિશ્વવિદ્યાલય ગાંધીનગર દ્વારા પીએચ.ડી.પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ

ગાંધીનગર,તા. ૪

કડી સર્વ વિશ્વવિદ્યાલય ગાંધીનગર દ્વારા પીએચ.ડી. ૨૦૨૦-૨૧ શૈક્ષણિક સત્રમાં પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જેમાં બાયોટેકનોલોજી, કેમિસ્ટ્રી, કોમર્સ, કોમ્પ્યુટર સાયન્સ, એજ્યુકેશન, ઈંગ્લિશ, સિવિલ એન્જિનીયરિંગ, કોમ્પ્યુટર એન્જિનીયરિંગ, ઈલેકટ્રીકલ એન્જિનીયરિંગ, મેનેજમેન્ટ, માઈક્રોબાયોલોજી, ફાર્મસી, ફિઝિકલ એજ્યુકેશનમાં વિષયમાં પીએચ.ડી. કરવા ઈચ્છુક વિદ્યાર્થીઓએ તારીખ ૧૫ જુલાઈ ૨૦૨૦ સુધી ઓનલાઈન ફોર્મ ભરવાનું રહેશે. પ્રવેશ પ્રક્રિયાની વધુ માહિતી તથા ફોર્મ માટે વેબસાઈટ www.ksv.ac.in પરથી મેળવવાનું રહેશે.

# આઈ.ટી.આઈ ગાંધીનગર (મહિલા) ખાતે વિના મૂલ્યે તાલીમ મેળવવાની તક

ગાંધીનગર, તા. ૪

ઔદ્યોગિક તાલીમ સંસ્થા ગાંધીનગર (મહિલા) ખાતે હાલમાં એડમિશન-૨૦૨૦ પ્રક્રિયાની શરુઆત થશે જેના અનુસંધાને તારીખ ૨૭/૭/૨૦૨૦ સુધી આઈટીઆઈ ખાતે મહિલા ઉમેદવરો ઓનલાઈન પ્રવેશ ફોર્મ જમા કરાવી શકે છે. હાલ આઈ.ટી.આઈ ખાતે મહિલાઓને લગતાં કોમ્પ્યુટર ઓપરેટર કમ પ્રોગ્રામીંગ આસિસ્ટન્ટ(કોપા), કોસ્મેટોલોજી (બ્યુટી પાર્લર), હેલ્થ સેનેટરી ઈન્સ્પેકટર, સુઈંગ ટેક્નોલોજી, ફેશન ડિઝાઈન એન્ડ ટેક્નોલોજી ટ્રેડમાં વિનામૂલ્યે તાલીમ આપવામાં આવે છે જેમાં ૮ પાસ અને ૧૦ પાસ ઉમેદવારોને મેરિટના આધારે પ્રવેશ આપવામાં આવે છે.

દરેક ટ્રેડમાં ફાઈનલ પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થીઓને એન.સી.વી.ટી. નું પ્રમાણપત્ર આપવામાં આવે છે જે ભારત તેમજ વિદેશમાં નામાંકિત કંપનીઓમાં રોજગારી તેમજ સ્વરોજગારી માટે ઉપયોગી છે. હાલ આઈ.ટી.આઈ ખાતે દરેક ટ્રેડમાં અદ્યતન મશીનરી, ઈક્વિપમેન્ટ, હેન્ડ ટુલ્સ અને અનુભવી તજજ્ઞ ઈન્સ્ટ્રક્ટરો દ્વારા તાલીમ આપવામાં આવે છે. સંસ્થા ખાતેથી સફળતા પૂર્વક તાલીમ મેળવેલા તાલીમાર્થીઓને નામાંકિત કંપનીઓમાં પ્લેસમેંટ(નોકરી), એપ્રેન્ટિસશીપ તેમજ સ્વરોજગારીની તકો ઉપલબ્ધ થાય છે.

આઈ. ટી. આઈ ખાતે અભ્યાસ કરતાં તાલીમાર્થીઓને સરકારી નિયમો મુજબ સ્કોલરશીપ, બસ કન્સેશન પાસ, સાઈકલ જેવી વિવિધ યોજનાઓનો લાભ મળવાપાત્ર રહેશે. વધુ માર્ગદર્શન માટે આઈ.ટી.આઈ.ની વેબસાઈટ www.mahilaitigandhinagar.com તેમજ ઓનલાઈનફોર્મ ભરવા માટે www.itiadmission.gujarat.gov.in સાઈટ જોવી અથવા રુબરુ મુલાકાત લેવા આચાર્ય દ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે.

# શેઠ કે.એમ. શાહ સર્વોદય હાઈસ્કૂલ છાલા કેન્દ્ર ધોરણ-૧૨નું ૯૪.૧૨ ટકા પરિણામ : સમગ્ર રાજયમાં ૧૫માં ક્રમે



ચિલોડા, તા. ૪

ગાંધીનગર તાલુકાની શેઠ કે. એમ. શાહ સર્વોદય હાઈસ્કૂલ છાલા કેન્દ્રમાં લેવાયેલ માર્ચ-૨૦૨૦ની ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની બોર્ડની બંને પરીક્ષામાં વિદ્યાર્થીઓ ઊત્તિર્ણ થવાથી ગૌરવશાળી પરિણામ મેળવેલ છે. જેમાં ધોરણ-૧૦ની એસએસસીમાં પ્રથમ ચૌધરી હિરલ જી. ૮૨.૬૬ ટકા, દ્વિતીય ક્રમે ચૌધરી વૃષિકા કે, ૮૨.૩૩ ટકા, તૃતીયક્રમે ચૌધરી તાજગી એ., ૮૧.૧૬ ટકા. જયારે ધોરણ-૧૨માં દેસાઈ કોમલ બી. ૮૮.૮૭ પ્રથમ ક્રમે, દ્વિતિય ચૌધરી સોહન સી. ૮૮.૪૩ ટકા તૃતીય ક્રમે પટેલ અમન વી. ૮૬.૪૩ ટકા મેળવીને શાળાનું નામ રોશન કર્યું છે.

ઉપરાંત ધોરણ-૧૦ છાલા હાઈસ્કૂલનું પરિણામ ૭૩.૫૧ અને ધોરણ-૧૨નું ૯૩.૪૧ ટકા પરિણામ આવ્યું છે. એચ.એસ.સી.માં ગાંધીનગર જિલ્લામાં છાલા કેન્દ્રનું સૌથી વધુ ૯૪.૧૨ ટકા પરિણામ આવ્યું છે. જે સમગ્ર રાજયમાં ૧૫માં ક્રમે છે. ઉત્કૃષ્ણ પરિણામ બદલ છાલા કેળવણી મંડળના પ્રમુખ એમ.બી.પટેલ, મંત્રી ચેલાભાઈ પટેલ, કારોબારી સભ્યશ્રીઓ, શાળાના આચાર્ય આર.એસ. ચૌધરી તથા ગામના સરપંચ શ્રીમતી ચંચળબેન એમ. પટેલ સર્વેને અભિનંદન પાઠવ્યા હતા.

# શાબાશ... શુભમ પરમાર

## ગાંધીનગરના આર્થિક રીતે સાધારણ પરિવારમાંથી આવતા વિદ્યાર્થીનું રાષ્ટ્રીય સ્તરની પરીક્ષામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન

ગાંધીનગર,તા. ૪

‘જો આપનું મનોબળ મજબૂત હોય તો આપ કોઈ પણ મુશ્કેલી નો સામનો કરી સફળતા પ્રાપ્ત કરી શકો છો’. આ વાતને ગાંધીનગરના એક વિદ્યાર્થીએ સાચી ઠેરવી છે. એક વિદ્યાર્થી કે જેને શરૂઆતથી જ ગુજરાતી માધ્યમની સરકારી શાળામાં અભ્યાસ કરેલ છે, જે આર્થિક રીતે એક ખૂબજ સાધારણ પરિવારમાંથી આવે છે અને આ વિદ્યાર્થીએ ધોરણ ૧૨ બાદ લેવામાં આવતી રાષ્ટ્રીય સ્તરની પરીક્ષા પાસ કરી પ્રતિષ્ઠીત કોલેજમાં એડમિશન મેળવેલ છે. આ વિદ્યાર્થીનું નામ છે શુભમ પરમાર કે જે ગાંધીનગરમાં સેક્ટર ૭માં વસવાટ કરે છે. શુભમના પિતા ગાંધીનગરમાં જ શાળાના દફતરનું છૂટક વેંચાણ કરી ગુજરાન ચલાવે છે અને તેની માતા ક્લિનિકમાં હેલ્પર તરીકે ફરજ નિભાવે છે. આ વિદ્યાર્થીએ ધોરણ ૧૨ કોમર્સ બાદ લેવામાં આવતી એનસીએચએમસીટી જેઈઈ (NCHMCT JEE) કે જેના દ્વારા આઈ.એચ.એમ (ઈન્સ્ટિટયુટ ઓફ હોસ્પિટાલિટી મેનેજમેન્ટ) કે જે ભારતની ઉચ્ચ સ્તરની હોસ્પિટાલીટી મેનેજમેન્ટની કોલેજમાં છે, તે પરીક્ષા પાસ કરી. શુભમે આ પરીક્ષા ઉત્તીર્ણ કરી ભારતભરમાં હોસ્પિટાલીટી મેનેજમેન્ટની ટોપ ૫ કોલેજમાં સમાવેશ થતી ગોઆ સ્થિત આઈ.એચ.એમ.માં એડમિશન મેળવી ગાંધીનગર તથા ગુજરાતના ગૌરવમાં વૃદ્દિધ કરેલ છે.



શુભમને પહેલે થી હોટેલ મેનેજમેન્ટના કોર્સમાં રુચિ હતી અને ધોરણ ૧૧ માં એને ગાંધીનગર સેકટર૧૧ સ્થિત યુનિકોર્ન એજ્યુવેન્ચર્સ સંસ્થાની જાણ થઈ અને ત્યાર બાદ યુનિકોર્ન એજ્યુવેન્ચર્સ સાથે જોડાઈ એના શિક્ષકગણના ઉચિત માર્ગદર્શન હેઠળ આ પરીક્ષા ઉત્તીર્ણ કરેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે શુભમને ગાંધીનગર માં યોજાયેલી કૂકિંગ સ્પર્ધામાં ઈનામ પણ મળ્યું હતું. તેમનું મનોબળ વધુ ને વધુ મજબૂત થતું ગયું અંદ તેમણે સફળતા મળી. આમ શુભમે ગુજરાતી મીડિયમ અને આર્થિક રીતે સાધારણ પરિવારમાંથી આવતા દરેક વિદ્યાર્થીને એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડેલ છે કે જો આપ કોઈ પણ ક્ષેત્રમાં આગળ વધવા માટે મેહનત કરો છો અને ઉચિત માર્ગદર્શન પ્રાપ્ત કરો છો તો આપ અવશ્ય સફળતા પ્રાપ્ત કરી શકો છો.

યુનિકોર્ન એજ્યુવેંચર્સ ગાંધીનગર શાખાના વડા હિતેનના જણાવ્યા અનુસાર શુભમને પહેલેથી જ કૂકિંગમાં રસ હતો અને હોસ્પિટાલિટી મેનેજમેંટના કોર્સ માં જોડાવાની રુચિ હતી.પણ એને તેના માટે લેવામાં આવતી પરીક્ષા વિષે જાણ ન હતી. ત્યાર બાદ એને યુનિકોર્ન એજ્યુવેંચર્સ સાથે જોડાયા બાદ આ પરીક્ષા માટે ધોરણ ૧૧ થી જ નિયમિત મહેનત ચાલુ કરી દીધેલ હતી અને એને આજે આ સફળતા પ્રાપ્ત કરી છે. તેમણે વધુમાં જણાવેલ કે આજના વિદ્યાર્થીઓમાં મહેનત કરવાની વૃતિ તો રહેલી જ છે પણ ઉચિત માર્ગદર્શન અને વિવિધ ક્ષેત્રો વિષે માહિતી ના અભાવે તેઓ ઉચિત સ્થાન પ્રાપ્ત નથી કરી શકતા. શુભમની આ સિદ્ધિ અનેકો અનેક વિદ્યાર્થીઓ માટે પ્રોત્સાહન રુપ બની રહે તેવી તેમણે આશા બતાવી હતી.

# આરાધના વિદ્યાવિહાર ઈંગ્લીશ મીડિયમ સ્કૂલ, સેકટર-૨૮ દ્વારા ઓનલાઈન ઓરીએન્ટેશન પ્રોગ્રામ યોજાયો

ગાંધીનગર,તા. ૪

વાલીઓને તેમના બાળકોની તેમજ શાળા વિશે માહિતી આપવા તથા વિવિધ શિક્ષણ પદ્ધતિઓનો ખ્યાલ આપવા માટે ‘વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસ‘માં દર વર્ષે આ ઓરિએન્ટેશન પ્રોગ્રામ યોજવામાં આવે છે. સ્કૂલ ફેકલ્ટીઝ દ્વારા શાળાના વિઝન-મિશન, અભ્યાસક્રમ, શાળાની પ્રણાલીઓ, શૈક્ષણિક પદ્ધતિઓ અને સહ-શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિશે માહિતગાર કર્યા હતા. તેમણે વિદ્યાર્થિઓના સર્વાંગી વિકાસ માટે શ્રેષ્ઠ કામગીરી કરી ગૌરવપૂર્ણ ભવિષ્ય માટે મજબૂત પાયો બનાવવા જે પ્રયાસ કરી રહ્યા છે તે વિશે માહિતી આપી હતી. વાલીઓને શિક્ષકો દ્વારા નિયમિતપણે આપવામાં આવતા ‘હોમ લર્નિંગ કોન્સેપ્ટ’ અને તેમાં તેની ભૂમિકાઓ તથા તેમાં વાલીઓને યોગદાન કરવા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રોગ્રામ દ્વારા માતા-પિતાને વિદ્યાર્થીઓ હાલમાં શું શીખી રહ્યા છે અને ભવિષ્યમાં તે તેમને કેવી રીતે મદદ કરશે તે અંગે વિચાર પ્રદાન કરવામાં આવ્યું હતું. ભણાવવામાં આવતા દરેક વિષયો વિશે માહિતી આપવામાં આવી હતી. આ ઓનલાઈન ઓરીએન્ટેશન પ્રોગ્રામ માં બાળકો તથા વાલીઓએ ખૂબ જ સારો સહકાર આપ્યો હતો અને આ કાર્યક્રમ ખૂબ સારી રીતે પૂર્ણ થયો હતો.




# નાટ્ય રસિકો માટે ઘરે બેઠા રંગ સૃષ્ટિ ૨.૦ થિયેટર ફેસ્ટીવલ


ગાંધીનગર, તા. ૪

હાલની પરિસ્થિતિ પ્રમાણે ડિટોરિયમમાં જઈ ને નાટક જોવું શક્ય નથી. પણ જો ડિટોરોયમ આપની પાસે આવી જાયય તો કેવું? નાટ્યક્ષેત્રે વર્ષોથી કાર્યરત શહેરના ‘ધ અર્થીંગ ગ્રુપ’ દ્વારા અલગ અલગ રાજ્યના છ જેટલા નાટકો લઈને રંગ સૃષ્ટિ ૨.૦ ઈન્ટરનેશનલ થિયેટર ફેસ્ટીવલ નુંઆયોજન કરવામાં આવેલ છે. જેમાં અલગ અલગ રાજ્ય ના નાટકો ઓનલાઈન પ્લેટફોર્મ પરથી દર્શકોને દેખાડવામાં આવશે. આ ફેસ્ટિવલ તારીખ ૫ જુલાઈ, ૧૨ જુલાઈ, ૧૮-૧૯ જુલાઈ અને ૨૫-૨૬ જુલાઈના રોજ ટોટલ છ અલગ અલગ નાટકો દેખાડવામાં આવશે. જેમાં અલગ અલગ રાજ્યના ગુજરાત,રાજસ્થાન,દિલ્હી,કોલકાતા અને બાંગ્લાદેશથી પણ નાટકોનો સમાવેશ થાય છે. ગુજરાત થી ડાયરેક્ટર રાજુ બારોટનું ‘હા મેં તને ચાહી છે જિંદગી’ નાટક અને હર્ષલ વ્યાસનું ‘રાવણા ઈન ટેન માઈન્ડ’, રાજસ્થાનથી ડાયરેક્ટર રાજકુમાર રજાક નું ‘નિરંતર એકલવ્ય’, બાંગ્લાદેશથી ડાયરેક્ટર યુસુફ હસનનું ‘બ્રાતો આમી મંત્રોહીન’, કોલકાતાથી ડાયરેક્ટર સુકમલ મૈત્ર નું ‘કોઠાય ગાલો’ અને દિલ્હીથી ડાયરેક્ટર શાંતનુ બોઝનૂ ‘ફાઉસ્ટ’ નાટક દર્શકોને દેખાડવામાં આવશે.

# બીએપીએસ ગાંધીનગર ક્ષેત્ર-૧ના વાવોલ મહિલા મંડળ દ્વારા ઓનલાઈન સભાનું આયોજન

ગાંધીનગર,તા. ૩

કોરોના વાયરસની વિકટ પરિસ્થિતિમાં કોરોના વોરિયર્સ બનીને ઝઝૂમીને જંત જીતવાનો છે આધ્યાત્મિક વાતાવરણ જરૂરી છે ને જેના દ્વારા વિપરિત સમયમાં બળ અને શક્તિ મળે છે. જેને રાખેલી પૃથ્વી સ્થિર રહે એછે. તે ભગવાન સર્વના કર્તાહર્તાય છે. શાંતિ તો ભગવાનના ચરણાવિંદમાં છે. ભગવાનના ગુણગાન માટે સત્સંગ ખૂબ અગત્યનો ભાગ ભજવે છે. સત્સંગ એ હોસ્પિટલ છે. બધા રોગોમાં ભવરોગને દીર્ઘ રોગ કહ્યો છે. તેના નિદાનમાં સંસ્થાના પ્રગટ ગુરુ હરિ મહંત સ્વામી મહારાજ ભવરોગ દૂર કરવા ભક્તિરુપી અમૃત સંજીવની પાય છે. જેમાં ત્રિવિધ તાપે ટળતા દર્દીઓ રોગ દૂર કરીને આધ્યાત્મિક શાંતિ મેળવે છે.




તેને અનુલક્ષીને મહિલા મંડળો ઓનલાઈન સત્સંગ સભાનો લાભ લઈ રહ્યા છે. આ આધ્યાત્મિક સભાની શુભ શરૂઆત ગુરુપૂનમને ઉજવણીને ધ્યાનમાં લઈને ધૂન-પ્રાર્થના અને સ્તુતિ કરાઈ હતી. પ્રસંગને અનુરુપ લાગો છો પ્યારા પ્યારા પ્રમુખ સ્વામી... તથા આવો આવો શ્રીજી સ્વામી આવો... કિર્તન ગાનથી કરાઈ હતી.

મહિલા નિર્દેશિકા મિનાક્ષીબહેન પટેલે સદ્ગુણ પ્રમુખ સ્વામી મહંત સ્વામીના પ્રસંગો સાથે દ્રષ્ટાંતે સહિત હિતકારી વાણી કેવી રીતે વાપરવી તે પ્રાસંગિક પ્રવચનનો લાભ આપ્યો હતો. સભામાં ‘ધીરજ’ વિષય વિષે વાંચન કરાયું હતું. ગુરુપૂર્ણિમાના પાવન પર્વ સાથે કોરોના વાયરસ સામે ટકી રહેવા માસ્ક પહેરવું, રોગ પ્રતિકારક શક્તિ વધે તેવા પ્રયત્ન કરવા, ડીસ્ટન્સ રાખવું, ઘરમાં રહીને સુરક્ષિત રહેવું. યોગ કરવો, સમસ્યાઓનો હલ કરીને આધ્યાત્મિકપણે સત્સંગ કરાય. તે માહિતી ધર્મિષ્ઠા શર્મા દ્વારા અપાઈ હતી. સમગ્ર વિશ્વમાં શાંતિ પ્રસરે તે માટે ભગવાન સ્વામિનારાયણ અને પ્રગટ ગુરુહરિના ચરણે પ્રાર્થનાને સ્વામિનારાયણ મંત્રની ધૂન કરીને કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરી હતી. આ સભાનો ૨૩ મહિલાઓએ લાભ લીધો હતો.

# જન્મદિને વધામણી



**રમણલાલ ડી બારોટ**
પૂર્વ પ્રમુખ, ગુજરાત રાજ્ય ગ્રામસેવક મહામંડળ
મો. ૯૪૯૯૮ ૫૯૨૧૯



**નિરંજન ઓઝા**
ફોન : ૨૩૨૨૫૭૬૫



**પલ્લવી જે શાહ**
લાયોનેસ કલબ, ગાંધીનગર




**પ્રહલાદભાઈ એમ જાની**
મો. ૮૧૪૦૪ ૮૯૦૧૮



**ઈશ્વરભાઈ નાયી**
મો. ૯૩૭૫૮ ૬૫૦૬૬



**માહી સંજયભાઈ પંડ્યા**



**પૂર્વરાજસિંહ રાણા**
મો. ૮૧૪૧૭ ૧૬૧૦૯



**મિહિર પોમલ**
મો. ૭૯૯૦૯ ૪૭૦૩૫

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક